# ઉત્તર ગુજરાતમાં શાળાના દરવાજા આગળ વિદ્યાર્થીઓને વ્યસનનું વળગણ : શિક્ષણ વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં

### ૩૦૦૦થી વધુ શૈક્ષણિક સંકુલો આગળ ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ, સીગારેટનું વેચાણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

ઉત્તર ગુજરાતમાં શિક્ષણ વિભાગ સ્વીકારે કે ન સ્વીકારે પરંતુ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં તમાકુ, સીગારેટનું વ્યસન ઘર કરતું જાય છે. શૈક્ષણિક સંકુલો પાસે ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ, સીગારેટનું વેચાણ કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે પરંતુ ૫ જિલ્લામાં તેનો ક્યાંય અમલ થતો નથી જેથી ૩૦૦૦થી વધુ શૈક્ષણિક સંકુલો આગળ પ્રતિબંધના તાયફા ઉડી રહ્યા છે. શિક્ષણ સંકુલોમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓને શાળાના દરવાજા આગળથી વ્યસનો વળગી રહ્યાં છે તે સામાન્ય માણસ પણ જોઈ શકે છે પરંતુ શિક્ષણ વિભાગ વ્યસન મુક્તિ મુદ્દે યોગ્ય કાર્યવાહી કરવા તૈયાર ન હોવાથી વધુ ને વધુ વિદ્યાર્થીઓ તમાકુ, ગુટખા તેમજ સીગરેટના રવાડે ચઢ્યાં છે.

વ્યસનીયોને તમાકુ, બીડી, સીગારેટના વ્યસનથી દૂર કરવા માટે સામાજીક સંસ્થાઓ વ્યસન મુક્તિ અભિયાન ચલાવી રહી છે. સરકારે આ અભિયાન માત્ર સામાજીક સંસ્થાઓના માથે થોપી દઈ પોતાની જવાબદારીઓથી હાથ ઉંચા કરી નાખ્યા હોય તેવું જણાઈ રહ્યું છે. સરકારે તમાકુ નિયંત્રણધારો બનાવ્યો છે પરંતુ તે માત્ર કાગળનો વાઘ સાબિત થયો છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના શૈક્ષણિક સંકુલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જાણે અજાણે વ્યસનના રવાડે ન ચઢી જાય તે માટે શૈક્ષણિક સંકુલો આસપાસ ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ, ગુટખા અને સીગારેટના વેચાણ ઉપર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. પરંતુ ગુજરાતી આરંભે સૂરા..ની જેમ થોડાક સમય માટે શૈક્ષણિક સંકુલો નજીકથી ગલ્લા-કેબિનો હટાવવાનાં નાટક કરવામાં આવ્યાં પરંતુ ત્યાર પછી બધું જ અભરાઈએ ચઢી જતાં મોટાભાગના શૈક્ષણિક સંકુલો પાસે ગલ્લા-કેબિનોમાંથી તમાકુ, ગુટખાનું બેરોકટોક વેચાણ થઈ રહ્યું છે. જ્યારે વિદ્યાર્થીઓ પણ દેખાદેખીથી વ્યસનના રવાડે ચડ્યા છે. શિક્ષણ વિભાગે વ્યસન મુક્તિ અભિયાનને રીતસરની તિલાંજલિ આપી દીધી હોય તેમ શાળા-મહાશાળાઓ પાસે તમાકુ, ગુટખા, બીડી અને સીગારેટનું વેચાણ થઈ રહ્યું છે. શૈક્ષણિક સંકુલો પાસે પ્રતિબંધ મૂકાયા પછી હમણાં સુધી તેનું યોગ્ય પાલન થયું નથી જેથી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યાને જોઈ કમાણી કરવાના આશય સાથે ઉભા કરવામાં આવતા ગલ્લા-કેબિનોમાં અનેક પ્રકારના વ્યસન વેચાતાં હોવાથી કુમળી વયના વિદ્યાર્થીઓ લલચાઈ રહ્યાં છે.

### તમાકુ નિયંત્રણ ધારાનો શાળાઓ નજીક કેમ અમલ નહીં : પૂછાતો સવાલ

ઉત્તર ગુજરાતમાં તમાકુ નિયંત્રણ ધારો અમલી બન્યા પછી શરૂઆતમાં એસ.ટી. બસ મથક તેમજ અન્ય જાહેર સ્થળોએ દેખાડા ખાતર તેની કામગીરી થઈ હતી પરંતુ ત્યાર પછી કોઈ ઠોસ કાર્યવાહી વ્યસનીઓ સામે થઈ શકી નથી. ઉત્તર ગુજરાતમાં તંત્ર જાહેર સ્થળોએ તમાકુ નિયંત્રણ ધારાનો અમલ કરાવી શકતું હોય તો પછી શૈક્ષણિક સંકુલો નજીક તેનો કેમ અમલ થતો નથી..?? તેવા સવાલો પૂછાઈ રહ્યા છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં ધો. ૧ થી ૯નું ઓફલાઈન શિક્ષણ શરૂ

### ૩૦ દિવસ પછી શિક્ષણ કાર્ય શાળામાં શરૂ, પ્રથમ દિવસે માંડ ૪૦ ટકા હાજરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ઘટતાં સરકાર દ્વારા સોમવારથી ધો.૧ થી ૯ નું ઓફલાઈન શિક્ષણ શરૂ થતાં બાળકો વગર સૂમસામ લાગતા શૈક્ષણિક સંકુલોમાં બાળકોની કોલાહોલ સાંભળવા મળી. ૩૦ દિવસ પછી શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થયું છે. લગ્નસરાના અવસર સહિત અનેક કારણોના લીધે પ્રથમ દિવસે માંડ ૪૦ ટકા બાળકોની હાજરી જોવા મળી. બાળકોને શાળામાં જોતાં અનેક શિક્ષકો ખુશ થઈ ગયા હતા. જોગાનુજોગ સોમવારે રેડ રોઝ ડે હોવાથી શિક્ષકોએ પ્યારા બાળકોને ગુલાબના ફૂલ આપી આવકાર્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાની ત્રીજી લહેરના કારણે કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવતાં સરકાર ચિંતિત બની હતી. ત્રીજી લહેર બાળકો માટે જોખમી સાબિત થશે તેવી દહેશતના પગલે ધો.૧ થી ૯નું શિક્ષણ ગત તા.૮ જાન્યુઆરીથી ઓફલાઈન શિક્ષણ બંધ રાખવાનો રાજ્યના શિક્ષણ વિભાગે નિર્ણય કર્યો હતો. જ્યારે ધો.૧૦ થી ૧૨નું શિક્ષણકાર્ય ચાલુ રહ્યું હતું. ક્રમશઃ કોરોનાનું સંક્રમણ ઘટ્યું અને રાજ્યમાં પણ શૈક્ષણિક સંકુલો શરૂ થતાં રાજ્ય સરકારની કોરકમીટી દ્વારા ધો. ૧ થી ૯ નું ઓફલાઈન શિક્ષણ તા.૭ ફેબ્રુઆરીથી શરૂ કરવાનો નિર્ણય લેતાં જિલ્લાની ૨૪૯૦ સરકારી પ્રા. શાળાઓ અને ૨૧૬ સ્વનિર્ભર શાળાઓ તેમજ ૫૦૪ માધ્યમિક શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ આજથી શરૂ થતાં શૈક્ષણિક સંકુલો ૩૦ દિવસ પછી ફરી જીવંત બન્યા હતા. જ્યારે ઓફલાઈન શિક્ષણ ફરજીયાત કરાયું નથી ઓનલાઈન શિક્ષણથી પણ બાળકોને અભ્યાસ કરવામાં આવશે તેમ શિક્ષણ વિભાગે જણાવ્યું છે. જિલ્લાના બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, મોડાસા, ભિલોડા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર તાલુકાઓમાં પ્રાથમિક શાળાઓ શરૂ થતાં પ્રા.શિક્ષકોમાં ખુશાલી જોવા મળી. વારંવાર કોરોનાના ડરથી શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવાથી બાળકોના શૈક્ષણિક ભવિષ્યને અસર થશે તેમ અનેક શિક્ષકોએ જણાવ્યું છે.

## જિલ્લામાં લગ્નસરાથી દિવાળી બાદ બજારોમાં ફરી રોનક

બાયડ, તા. ૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં લગ્નસરાની સીઝનથી દિવાળી બાદ બજારોમાં છેલ્લા એક સપ્તાહથી ફરીથી રોનક આવી છે. આ વખતે ફેબ્રુઆરી માસના લગ્નના ઓછા મૂહર્ત પરંતુ અઢળક લગ્નના આયોજનના કારણે વેપાર-ધંધાઓમાં તેજી આવી છે. જિલ્લામાં તૈયાર વસ્ત્રો, બુટ-ચપ્પલ, ઈલેક્ટ્રીક બજાર તેમજ વાસણ બજારમાં હોળી પૂર્વે ધૂમ ખરીદી નિકળતાં વેપારીઓ મલકાયા છે.

કોરોનાની પ્રથમ, બીજી અને ત્રીજી લહેરમાં વેપાર-ધંધાને અગણિત નુકસાન પહોંચી રહ્યું છે. દિપાવલીના તહેવારો સમયે બજારમાં રોનક જોવા મળ્યા પછી મંદીનો માહોલ જોવા મળ્યો. ફરીથી કોરોનાએ સકંજો કસ્યો જેના કારણે તેની સીધી અસર ધંધા-રોજગારો ઉપર જોવા મળી. વેપારીઓએ લાખો રૂપિયાનું રોકાણ કરી દુકાનોમાં માલ સ્ટોક કરી દીધો પરંતુ નવા વર્ષના આરંભે સારી ઘરાકી જોવા મળ્યા પછી તમામ ધંધા-રોજગારોમાં ઘરાકી નિરસ થઈ હતી. આ વખતે દિવાળી પછી વેપારીઓએ લગ્નની સીઝન ઉપર મોટો મદાર રાખ્યો જેમાં છેલ્લા એક સપ્તાહથી લગ્ન સીઝન માટે વિવિધ ચીજવસ્તુઓની ખરીદી થતાં બજારોએ ગુમાવેલી રોનક પાછી આવી છે. ઓછા મૂહર્ત છતાં બજારોમાં ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે. તાલુકા મથકોએ સવારથી સાંજ સુધી ગ્રાહકોની અવર જવરના કારણે બજારો ફરીથી ધમધમતાં થયાં છે.

### મોડાસામાં પોલીસ ટ્રાફિક ડ્રાઈવથી કંટાળી ગઈ હોય તેમ

# મીડિયાકર્મીઓ સામે ઉદ્ધતાઈપૂર્વક વર્તણુક, SPની કામગીરી પર પાણી ફેરવ્યું..!!

મોડાસા શહેરમાં છેલ્લા ઘણાં વર્ષોથી ટ્રાફિકની સમસ્યા લોકોના માથાના દુખાવાનું કારણ બની ગઈ છે,શહેરીજનો અને રાહદારીઓ ટ્રાફિકની સમસ્યા થી પીડાય રહ્યા હતા ત્યારે જીલ્લા પોલીસવડા સંજય ખરાતે શહેરની ટ્રાફિક સમસ્યાને દૂર કરવા ટાઉન પોલીસ અને ટ્રાફિક પોલીસને ટ્રાફીક ડ્રાઈવ કામગીરી સોંપતા છેલ્લા ત્રણ-ચાર દિવસથી શહેરના રાજમાર્ગ નું અસ્તિવત્વ દેખાતા શહેરીજનોમાં આનંદ જોવા મળી રહ્યો છે પોલીસને દુકાનદારો અને વાહનચાલકો સામે ઘર્ષણમાં પણ ઉતરવું પડી રહ્યું છે ટાઉન પોલીસતંત્રની કામગીરી લોકોમાં આવકાર દાયક બની છે મીડિયા પણ શહેરમાં પોલીસતંત્રની સરાહનીય કામગીરીને લોકો સુધી પહોંચાડી રહ્યું છે.



મોડાસા શહેરને ટ્રાફિક ફ્રી રાખવા જિલ્લા પોલિસ વડા સંજય ખરાતે ટાઉન પોલિસને ટ્રાફિક ડ્રાઈવની કામગીરી સોંપી દેતા પોલિસ હવે કંટાળી ગઈ હોય તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે. પોલિસ વડા સારી કામગીરી કરવા માંગે છે, પણ ટાઉન પોલિસને આમાં જરાય રસ નથી કે પછી કંટાળો આવે છે તે સમજાતું નથી. ૪ ફેબ્રુઆરીના રોજ ટાઉન પોલિસની ટીમ દ્વારા ચાર રસ્તાથી, બસ સ્ટેશન અને ડુઘરવાડા ચોકડી વિસ્તારમાં પોલિસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી, આ સમય દરમિયાન વાહનો આડેધડ પાર્કિં કરેલા હતા,જેને પોલિસે હટાવી દંડ કરવા સહિતની તજવીજ હાથ ધરી હતી, ત્યારે પોલિસ અને સ્થાનિક લોકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થયાના વીડિયો સામે આવ્યો હતો. આ ઘટનાનું કવેરજ કરવા પહોંચેલા બે મીડિયા કર્મીઓ પર કામગીરીનો રોષ ઠાલવતા હોય તેમ ટાઉન પોલિસની ટીમે મોબાઈલ છીનવી લીધા હતા.

ટાઉન પોલિસ દ્વારા છેલ્લા બે દિવસથી ટ્રાફિક ડ્રાઈવનું કવરેજ મીડિયાએ દર્શાવ્યું હતું તે કદાચ પોલિસને ન પચ્યું અને હવે મીડિયા પર પોલિસ રોષ ઠાલવીને શું સાબિત કરવા માંગ છે તે એક સવાલ છે. જ્યારે દારૂ પકડે ત્યારે પોલિસ વાહવાહી મેળવવા માટે મીડિયાનો સહારો લે છે, હવે પોલિસ ટ્રાફિક ડ્રાઈવથી એટલી હદે કંટાળી ગઈ છે કે, જિલ્લા પોલિસ વડાએ આપેલી કામગીરીનો રોષ મીડિયા પર ઠાલવી રહી છે.

પહેલા શ્યામ સુંદર કોમ્પ્લેક્ષ નજીક એક મીડિયા કર્મીને કવરેજ કરતા ટાઉન પોલિસે અટકાવ્યા હતા, જ્યારે પોલિસની ડ્રાઈવ ડુઘરવાડા ચોકડી નજીક પહોંચી ત્યારે ત્યાં ટ્રાફિક ડ્રાઈવને લઈને હોબાળો થયો હતો, જેનું કવરેજ કરતા અન્ય મીડિયા કર્મીનો જબરજસ્તી મોબાઈલ છીનવવાનો પોલિસ અધિકારીએ પ્રયાસ કર્યો હતો. પોલિસની કોઈ જ સત્તા નથી કે મીડિયાનો મોબાઈલ અથવા તો કેમેરો કવરેજ કરતા છીનવી લે અથવા તો કવરેજ કરતા અટકાવી શકે. રેંજ આઈ.જી. અને જિલ્લા પોલિસ વડાની ભલે સારી કામગીરી કરવા માંગતા હોય પણ સ્થાનિક પોલિસ ઉચ્ચ અધિકારીઓના આદેશને ઘોળીને પી જતાં હોય અથવા તો આવા આદેશનો અમલ કરવામાં જરાય રસ ન હોય તેવું આજની ઘટના પરથી સ્પષ્ટ લાગી રહ્યું છે.

# બાયડના પેઈન્ટર દેવચંદ પરમારની સ્વર સામ્રાજ્ઞી લતાજીને અનોખી શ્રદ્ધાંજલિ

### આર્ટવર્ક દ્વારા અનોખી શ્રદ્ધાજલિ આપી : શહેરના અનેક સંગીત પ્રેમીઓ ભાવુક બન્યા

બાયડ તા.૦૭

સુર સામ્રાજ્ઞી લત્તા મંગેશકરનું ૯૨ વર્ષની વયે માંદગીથી નિધન થતાં સમગ્ર રાષ્ટ્રમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ત્યારે બાયડના પેઈન્ટર દેવચંદ પરમાર દ્વારા લત્તાજીનું આર્ટ ચિત્ર બનાવી અશ્રુભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૩ લાખથી વધુ લોકો લત્તા મંગેશકરના ચાહકો રહ્યા હતા. તેઓ પણ લત્તાજીની ચિરવિદાયથી ભાવુક બન્યા હતા. શૈક્ષણિક સંકુલોમાં પણ સ્વર સામ્રાજ્ઞીને વિદ્યાર્થીઓએ શ્રદ્ધાંજલિ આપ્યાનું જાણવા મળ્યું છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર સંગીતની દુનિયા ઉપર ૮ દાયકાથી એકચક્રી શાસન કરી સંગીતના ચાહકોના દિલમાં આગવું સ્થાન ઉભું કરનાર ભારત રત્ન લત્તા મંગેશકરની વસમી વિદાયથી બાયડ નગર અને સમગ્ર જિલ્લામાં શોકનું મોજું ફરી વળ્યું હતું. દિવસ દરમ્યાન લોકોએ લત્તા મંગેશકરને શ્રદ્ધાંજલિ આપવા તેમના ગીતો સાંભળતા જોવા મળ્યા. ત્યારે બાયડના જાણીતા પેઈન્ટર લત્તા મંગેશકરના ખાસ આશિક રહ્યા છે. તેઓએ સદીના મહાન ગાયિકાના નિધનથી ઉંડો શોક વ્યક્ત કરી આર્ટવર્ક દ્વારા અનોખી શ્રદ્ધાંજલિ આપી હતી. લાયન્સ ક્લબ બાયડ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા પરમાર પરીવાર હંમેશા કલાપ્રેમી રહ્યો છે. ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચને પણ દેવચંદ પરમારની આર્ટકલાના અગાઉ વખાણ કરેલા છે.

# મોડાસાની ચાણક્ય સ્કુલને બદનામ કરવાનો કારસો, શિક્ષણ માફીયા મેદાનમાં..!!

### સંસ્થાને બદનામ કરનારા તત્વો સામે બદનક્ષીનો દાવો મંડાશે

હિંમતનગર, તા.૦૭

મોડાસાની ચાણક્ય સ્કુલમાં ૫૦ છાત્રોને ઢોર માર માર્યો, હું કોઈના બાપથી ડરતો નથી તેવા અહેવાલોનું સંપૂણ ખંડન થઈ રહ્યું છે. ચાણક્ય સ્કુલની વધતી પ્રતિષ્ઠાથી અનેકના પેટમાં તેલ રેડાતાં છેલ્લા ૩ દિવસથી સંસ્થાને બદનામ કરવાનો કારસો રચાયાનું જાણવા મળ્યું છે જેમાં કેટલાક શિક્ષણ માફીયા મેદાનમાં આવ્યાની પણ ગરમા ગરમ લોકચર્ચાએ અનેક કેળવણીકારોને હચમચાવ્યા છે. સંસ્થાને બદનામ કરનારા અને તેની વિરૂદ્ધમાં ખોટા અહેવાલ મૂકનાર સામે કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.



મળેલી વિગતો અનુસાર શિક્ષણ નગરી મોડાસામાં છેલ્લા કેટલાક સમયથી ચાણક્ય સ્કુલ તેની આગવી ઓળખ ઉભી કરતાં કેટલાયના પેટમાં તેલ રેડાયું છે. શાળાના સંચાલકો અને શિક્ષકો શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે વાત્સલ્યપૂર્વકનો વર્તાવ કરતા હોય છે પરંતુ કોરોના પછી લાંબા સમય સુધી શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ બંધ રહ્યું અને હવે ઓફલાઈન શિક્ષણ શરૂ થયું છે ત્યારે અનેક વિદ્યાર્થીઓમાં લર્નિંગ લોસ વધતાં તેની ચિંતા કરવામાં આવી તે પૈકી ૨-૪ છાત્રોને તેમના નબળા અભ્યાસ અંગે ટકોર કરવાની સાથે પીઠ થબથબાવી અભ્યાસ કાર્યમાં ધ્યાન રાખવાનું કહેતાં વાતનું વતેસર કરી દીધાની વિગતો પણ ચર્ચામાં છે. આ સંજોગોમાં કેટલાક લોકો દ્વારા ચાણક્ય સ્કુલને બદનામ કરવાના ઈરાદે શાળામાં અભ્યાસ કરતા ૫૦ વિદ્યાર્થીઓને ઢોર માર માર્યાના ધડમાથા વગરના અહેવાલો પ્રસિદ્ધ કરી દીધા અને વાહ વાહી મેળવવાના પ્રયાસ થયા પરંતુ અનેક વાલીઓએ શાળા સંચાલક, આચાર્ય પિનલભાઈ પટેલને મળીને શૈક્ષણિક સંસ્થાની કામગીરીને બિરદાવવાની સાથે તેઓ તેમની પડખે હોવાનું નિવેદન આપ્યું છે. ચાણક્ય સ્કુલને બદનામ કરવાનો કારસો રચનારા અને તેમાં સંડોવાયેલા તમામને કાનૂની નોટિસ આપવાનો મેનેજમેન્ટ દ્વારા નિર્ણય કરાયો છે.

### ભ્રષ્ટાચારને દબાવતું તંત્ર એકાએક ચાણક્ય સ્કુલમાં કોના ઈશારે દોડ્યું..??

સરકારની સીધી ભરતીમાં મૂકાયેલા શિક્ષકો પાસેથી સાતરડા કેળવણી મંડળ દ્વારા પૈસા માગવામાં આવ્યા હોવાની વિગતો બહાર આવ્યા પછી મોંડે મોંડે જિલ્લા શિક્ષણાધિકારીએ તપાસ હાથ ધરી અને આચાર્યને સૂડીએ ચઢાવી દીધા પરંતુ સંચાલકો સામે કોઈ કાર્યવાહી કરી નથી. જ્યારે ચાણક્ય સ્કુલના પ્રશ્ને શિક્ષણ વિભાગના પગમાં એકાએક જોર આવ્યું હોય તેમ બીજા દિવસે તપાસ માટે પહોંચ્યા હતા ત્યારે સવાલ એ થાય છે કે ભ્રષ્ટાચારને દબાવતું તંત્ર ચાણક્ય સ્કુલમાં કોના ઈશારે દોડ્યું છે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં એન.ઓ.સી. આપવા માટે રૂા.૬ થી ૮ લાખ ખંખેરાતા હોવાની લોક ચર્ચા શરૂ થઈ છે અને આ અંગે કમિશ્નર શાળાઓની કચેરી તેમજ શિક્ષણ મંત્રીને રજૂઆત થશે તેવું જાણવા પણ મળ્યું છે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં એન.ઓ.સી. માટે જવાબદાર અધિકારીએ પૈસા ખંખેર્યા ન હોય તો તેમના નામે કયા વચેટીયાએ પૈસા ખંખેર્યા તેની પણ તપાસ થવી જોઈએ.

## પોયડા કોલેજના સંચાલકના માતાનું અવસાન

બાયડ તા.૦૭

ધનસુરા તાલુકાની શ્રદ્ધા બી.એસ.સી., બી.સી.એ. કોલેજ-પોયડાના સંચાલક, બાયડના રહીશ



ગગનભાઈ (હરેશ) વજુભાઈ બારોટના માતા મધુબેન બારોટનું દુઃખદ અવસાન થતાં બાયડ શહેર તેમજ બ્રહ્મભટ્ટ સમાજમાં શોક છવાયો છે. રવિવારે બેસણાં અને પ્રાર્થના સભામાં અનેક લોકોએ ઉપસ્થિત રહી મધુબેન બારોટને શ્રદ્ધાંજલિ આપી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# બાયડ તાલુકામાં ગેરકાયદે વૃક્ષછેદનની હેરાફેરીમાં ભ્રષ્ટ અધિકારીઓની મીલીભગતના આરોપ લાગ્યા

### ઉચ્ચ કક્ષાએથી તપાસના આદેશ થાય તો વીરપ્પનો અને અધિકારીઓની સાંઠગાંઠ ખુલી પડે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

બાયડ તાલુકામાં ગેરકાયદે વૃક્ષો કાપી તેની બેરોકટોક સમીસાંજથી પરોઢ દરમ્યાન હેરાફેરી થઈ રહી છે પરંતુ કોઈ ઉચિત પગલાં ન ભરાતાં માલપુર-બાયડ તાલુકામાંથી આવનારા દિવસોમાં વનરાજી નામશેષ થઈ જાય તેવી ભીતી સેવાય છે. ઉચ્ચ કક્ષાએથી તપાસના આદેશ થાય તો વીરપ્પનો અને અધિકારીઓની સાંઠગાંઠ ખુલી પડે. ગેરકાયદે વૃક્ષછેદનમાં આર.એફ.ઓ., બીટગાર્ડ અને તેમના મળતિયાઓની સાંઠગાંઠ હોવાના આરોપ લાગ્યા છે. ગેરકાયદેવૃક્ષછેદન અંગે બાતમી આપવામાં આવે તો તેમના નામ લીક થઈ જતાં હોવાના પણ ગંભીર આરોપ લાગ્યા છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર આર.એફ.ઓ. દેસાઈના રાજમાં બાયડ તાલુકામાં લીલાં વૃક્ષોના જતનના બદલે લીલાં વૃક્ષો નામશેષ કરવાનું અભિયાન શરૂ થયું હોય તેવી સ્થિતિ પાછલા બે વર્ષથી જોવા મળી રહી છે. દરરોજ રાત પડે ગાબટ-બાયડ, બાયડ-ડેમાઈ, બાયડ-દહેગામ, બાયડ-સાઠંબા રોડ ઉપર લીલાં લાકડાં ભરીને દોડતાં ટ્રેક્ટરો જોવા મળી રહ્યા છે. એકપણ ટ્રેક્ટર ઉપર નંબર પણ ન હોવાનું જાણકારોએ જણાવ્યું છે. ગેરકાયદે વૃક્ષછેદનની પ્રક્રિયામાં ભ્રષ્ટ વન વિભાગ સાથે પોલિસ અને મામલતદાર કચેરી ભળી હોવાના ગંભીર આરોપ લાગેલા છે. હફતા લેતું વનવિભાગ વીરપ્પનોના સામે કામગીરી ન કરે તે બાબત સમજી શકાય પરંતુ બાયડ, સાઠંબા અને આંબલિયારા પોલિસ ગેરકાયદે લીલાં લાકડાં ભરીને દોડતાં નંબર વગરના ટ્રેક્ટરો કેમ ડિટેઈન કરતું નથી? તેવા ગંભીર સવાલ ઉભા થયા છે. બાયડ મામલતદાર અને પ્રાંત અધિકારીએ પણ બાયડ તાલુકામાં ફૂલીફાલેલી ગેરકાયદે વૃક્ષછેદન કામગીરી ઉપર અંકુશ લાવવા ઉચિત પગલાં ભરવા પડશે અન્યથા બાયડ તાલુકામાં વનરાજી નષ્ટ થઈ જાય તેવી દહેશત સેવાય છે.

### વર્તમાન અને બદલી થયેલા કર્મચારીઓની પણ સાંઠગાંઠ

આર.એફ.ઓ. દેસાઈ અને તેમની ભ્રષ્ટ ટોળકી દ્વારા ગેરકાયદે વૃક્ષછેદનને પીઠબળ અપાતાં દરરોજ ૨૦થી વધુ ટ્રેક્ટર લીલું લાકડું જિલ્લા તેમજ અન્ય જિલ્લાની સો મીલોમાં ઘર કરી રહ્યું છે. વર્તમાન અને બદલી થયેલા બીટગાર્ડ અને તેમના મળતીયાઓ દ્વારા ઉચ્ચ કક્ષા સુધી લાઈન બનાવી વૃક્ષછેદનની ગેરકાયદે કામગીરીને પીઠબળ અપાતું હોવાના ગંભીર આરોપ લાગેલા છે. આ સંજોગોમાં રાજ્ય વનમંત્રી અને ડી.એફ.ઓ. દ્વારા તપાસ થાય તો બાયડ અને માલપુર તાલુકામાં દરરોજ સાંજથી વહેલી પરોઢ સુધી ચાલતી ગેરકાયદે વૃક્ષછેદનની કામગીરીનો પર્દાફાશ થઈ શકે છે.